# સંઘના માનનીય સ્થાપક સભાસદો

| | |
|---|---|
| શ્રી જયસિંહભાઈ ડી. પરમાર | શ્રી વલ્લભદાસ એચ. મહેતા |
| શ્રી ગીજુભાઈ એમ. મહેતા | શ્રી લલ્લુભાઈ એમ. સરૈયા |
| શ્રી ખુશાલભાઈ ડી. મહેતા | શ્રી મનસુખલાલ આર. પટેલ (વાપીકર) |
| શ્રી મગનલાલ કે. બારોટ | સ્વ. ગુલાબભાઈ એન. આસરા |
| શ્રી બાપુભાઈ બી. ગુંગા | શ્રી જીવણલાલ એમ. ચુનાવાલા |
| શ્રી કુંવરજી બી. મહેતા | શ્રી કાંતિલાલ આર. આબદાર |
| શ્રી માનસિંગ જી. પરમાર | |



## શ્રી જયસિંહભાઈ પરમાર

શ્રી જયસિંહભાઈ પરમાર નો જન્મ તા.૨૧-૧-૧૯૧૮ ના રોજ માતા પાનબાઈની કૂખે નવસારીમાં થયો હતો. એમણે મેટ્રિક સુધીનો અભ્યાસ નવસારીમાં અને ઈન્ટર સાયન્સ સુધીનો અભ્યાસ એલફિન્સ્ટન કૉલેજ મુંબઈમાં કર્યો હતો. બેલાપુર સુગર, બી. બી. એન. સી. રેલ્વે, બી. ઈ. એસ. ટી.,રેમન્ડ વુલન મિલ તેમજ ધ્રુવ વુલન મિલમાં એમણે નોકરી કરી હતી. ઈ. સ. ૧૯૭૪ માં ધ્રુવ વુલન મિલમાંથી સેવાનિવૃત્ત થયા.

સંસ્થાના સ્થાપક પ્રમુખ શ્રી જયસિંહભાઈ પરમાર આટલી જૈફ ઉંમરે પણ સંઘ સાથેનો પોતાનો ઘનિષ્ઠ નાતો જાળવી રહ્યા છે.



## શ્રી વલ્લભદાસ મહેતા

| | |
|---|---|
| નામ | : વલ્લભદાસ હ. મહેતા |
| પિતા | : સ્વ. શ્રી હરિભાઈ મીઠાભાઈ |
| માતા | : સ્વ. શ્રીમતી રેવાબેન હરિભાઈ મીઠાભાઈ |
| પત્ની | : શ્રીમતી દેવકોરબેન વલ્લભદાસ મહેતા |
| વતન | : ધરાસણા, તાલુકો-જિલ્લો વલસાડ. |
| જન્મ | : જન્માષ્ટમી ૨૬મી ઑગસ્ટ, ૧૯૨૧ |
| શિક્ષણ | : પ્રથમ ધોરણ ગામની શાળામાં. મેટ્રિક ૧૯૪૦માં ન્યુ ઈરા સ્કૂલ, મુંબઈ. બી.એ. (ઓનર્સ) ૧૯૪૪ એલફિન્સ્ટન કૉલેજ અને એલ. એલ. બી. ગર્વમેન્ટ લૉ કૉલેજ, મુંબઈ. |
| નોકરી | : ૧૯૪૭ માં સેન્ટ્રલ ગર્વમેન્ટની ટ્રેડ માર્કસ ઓફિસ, મુંબઈમાં એસિસ્ટન્ટ એકઝામિનર ઓફ ટ્રેડ માર્કસના પદ પર નિમણૂંક |

થઈ. ૧૯૫૪ માં ઈન્કમટેક્ષ ઓફિસર તરીકે નિમણૂંક થઈ એટલે અમદાવાદ અને વડોદરામાં ૧૯૫૭ સુધી ફરજ બજાવી. ત્યારબાદ પુનઃ ટ્રેડ માર્કસ ઓફિસમાં જોડાઈ ૩૧ મી ઑગસ્ટ ૧૯૭૯ ના રોજે જોઈન્ટ રજીસ્ટ્રાર ઓફ ટ્રેડમાર્કસના પદ પર નિવૃત્ત થયા. નોકરી દરમ્યાન બઢતીનાં પાંચ પદ પર UPSC દ્વારા સીધી પસંદગી અને નિમણૂંક થઈ હતી જેમાં વિશેષતઃ ડેપ્યુટી રજીસ્ટ્રાર અને જોઈન્ટ રજીસ્ટ્રાર ની નિમણૂંક સામાન્ય બીન અનામત જગ્યા પર થઈ હતી. નોકરી દરમ્યાન દિલ્હી અને કલકત્તામાં ફરજ બજાવી. અત્યારે છેલ્લા પંદર વર્ષથી ટ્રેડમાર્કસ રજીસ્ટ્રેશનના સલાહકાર તરીકે કાર્યરત છે.

ઈતર પ્રવૃત્તિ : ૧૯૪૩ થી શ્રી મા. શિક્ષણ પ્રચારક સંઘમાં યથાશક્તિ સેવા આપી રહ્યા છે. તદુપરાંત સમાજની વિવિધ સામાજિક પ્રવૃત્તિમાં રસ ધરાવે છે.

શોખ : વાંચન અને સંગીત.

## શ્રી ગિજુભાઈ મૂળચંદભાઈ મહેતા



શ્રી ગિજુભાઈ મહેતાનો જન્મ તા. ૧૪-૬-૧૯૨૧ ના રોજ માતા રતનબેનની કૂખે દિલ્હીમાં થયો હતો. મૂળ વતન માસા, તા. ગણદેવી ના ગિજુભાઈએ સરીબુજરંગમાં કેળવણી પ્રાપ્ત કરી હતી. ૧૯૩૬ માં વર્નાકયુલર ફાઈનલની પરીક્ષા પાસ કરી અમલસાડની હીરાચંદ ધૂળચંદ હાઈસ્કૂલમાં અંગ્રેજીનો અભ્યાસ શરૂ કર્યો હતો. પરંતુ એ અરસામાં અભ્યાસ છોડી મુંબઈ જઈ ૧૯૩૮ માં એમણે મુંબઈ મહાનગરપાલિકાના કેળવણી ખાતામાં શિક્ષકની નોકરી સ્વીકારી હતી. નોકરી કરતાં કરતાં એમણે પી. ટી. સી., બી. એ., એમ.·એ., બી. એડ., કોવિદ વગેરે ઉપાધીઓ પ્રાપ્ત કરી હતી. શિક્ષકમાંથી બઢતી પ્રાપ્ત કરીને એઓ શિક્ષણખાતાના નિરિક્ષક બન્યા હતા.

શ્રી મા. શિ. પ્ર. સંઘના સ્થાપક સભ્ય શ્રી ગિજુભાઈ સંસ્થાના પ્રમુખ પદ સુધી પહોચ્યા હતા. આખું જીવન શિક્ષણના ક્ષેત્રે ગુજારનાર ગિજુભાઈ હાલ નિવૃત્ત જીવન ગુજારી રહ્યા છે.

## શ્રી લક્ષુભાઈ એમ. સરૈયા



શ્રી લક્ષુભાઈનો જન્મ ધમડાછા, તા. ગણદેવીમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ સરીબુજરંગની કુમારશાળામાં લીધા પછી એમણે અમલસાડની હીરાચંદ ધૂળચંદ હાઈસ્કૂલમાંથી મેટ્રીક પરીક્ષા પાસ કરી હતી. ઈ.સ. ૧૯૩૯માં મુંબઈ આવી એલફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા હતા. પરંતુ આગળ અભ્યાસ થઈ શકયો નહોતો. શરૂઆતમાં મુંબઈ મહાનગરપાલિકા અને પછી પશ્ચિમ રેલ્વેમાં એમણે નોકરી કરી હતી. ગાર્ડ તરીકે લાંબી સેવા બજાવ્યા પછી ૧૯૭૬માં તેઓ સેવાનિવૃત્ત થયા હતા.

શ્રી મા. શિ. પ્ર. સંઘની સ્થાપના એમના રૂમ પરથી થઈ એમ એઓ જણાવે છે. બંગલે બંગલે ફરીને એમણે સંઘ માટે ફાળો ભેગો કર્યો હતો. નોકરીના કારણે પાછળથી તેઓ વધુ સેવા આપી શકયા નહતા.

## શ્રી ખુશાલભાઈ દુર્લભજી મહેતા



મૂળ વતન ગણદેવા, તા. ગણદેવી, જી. વલસાડના વતની શ્રી ખુશાલભાઈ ડી. મહેતાએ પ્રાથમિક શિક્ષણ એમના વતન ખાતે લીધું હતું પરતું વર્નાકયુલર ફાઈનલની પરીક્ષા મુંબઈ આવીને ઈ.સ. ૧૯૩૭માં પાસ કરી હતી. પછી એઓ મુંબઈ મહાનગરપાલિકાના શિક્ષણ વિભાગમાં શિક્ષક તરીકે જોડાયા હતા. ૩૮ વર્ષના દીર્ઘકાળ સુધી એમણે મહાનગરપાલિકાની નામવંત શાળાઓમાં ઉત્તમ શિક્ષક તરીકે સેવા બજાવી હતી.

ઈ. સ. ૧૯૭૭માં સેવાનિવૃત થયા પછી એઓ પોતાના વતનમાં સ્થાયી થયા છે અને ત્યાંના સ્થાનિક સામાજીક કામોમાં વ્યસ્ત છે.

શ્રી મા. શિ. પ્ર. સંઘના સ્થાપક સભ્ય હોવાનો શ્રી ખુશાલભાઈને આનંદ છે અને સંઘ ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છા પાઠવે છે.

### શ્રી મનસુખલાલ આર. પટેલ (વાપીકર)

ગામ વાપી, તા. પારડી ના વતની શ્રી મનસુખભાઈએ વર્નાકયુલર ફાઈનલની પરીક્ષા પાસ કર્યા પછી મુંબઈ મહાનગરપાલિકામાં શિક્ષક તરીકે જોડાયા હતા. એમણે પી. ટી. સી. નો અભ્યાસ કર્યો હતો અને મુખ્ય શિક્ષકનો હોદ્દો સંભાળી નિવૃત્ત થયા હતા. હાલ તેઓ વાપી ખાતે નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે.

શ્રી મા. શિ. પ્ર. સંઘના સ્થાપક સભ્ય શ્રી મનસુખલાલ વાપીકરે સંસ્થાના ખજાનચી તરીકે પ્રારંભના વર્ષોમાં સેવા બજાવી હતી.



### સ્વ. ગુલાબભાઈ એન. આસરા

જન્મ : ૬-૪-૧૯૨૧ મૃત્યુ: ૩-૯-૧૯૪૮

વતન : વલસાડ - અબ્રામા, જિલ્લો. વલસાડ.

પ્રાથમિક શિક્ષણ- વતન ખાતે.

માધ્યમિક શિક્ષણ- વલસાડ હાઈસ્કૂલમાં.

સમાજમાં શૈક્ષણિક પ્રવૃત્તિ માટે યુવાનોને પ્રોત્સાહિત કર્યા. સમાજના કુરિવાજો અને રૂઢિઓ સામે અવાજ ઊઠાવી, બાળ-લગ્ન બંધ કરાવવા ઝુંબેશ ઊપાડી.

શ્રી વલસાડ મેથાવત (ધર્મફંડ) મંડળ, મુંબઈના માનદ મંત્રી તરીકે પણ સેવા આપી. વતનની સ્મશાનભૂમિમાં આપણા સમાજને પ્રવેશ પ્રતિબંધ હતો તે સામે અવાજ ઊઠાવ્યો અને એમના દેહ દહનથી જ આપણા સમાજના વ્યકિતઓને સ્મશાનભૂમિમાં પ્રવેશ મળ્યો. રમત ગમત અને અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ખૂબ જ રસ લેતા. વલસાડ સ્પોર્ટીંગ કલબમાં જોડાયા અને ટીમના કેપ્ટન પણ બન્યા હતા. વતનના લોકોમાં ખૂબજ પ્રિય અને માનિતા હતા. તેમનું અકાળ અવસાન થતાં તેમની સ્મૃતિમાં ગામના યુવાનોએ ''અબ્રામા આસરા સ્મારક ફંડ''ની સ્થાપના કરી અને ગામના ચોકનું નામ ''ગુલાબ ચોક'' આપ્યું.

## સ્વ. બાપુભાઈ બી. ગુંગા



ગામ અંકલાસ (દમણ)ના વતની સ્વ. શ્રી બાપુભાઈ ગુંગા મા. શિ. પ્ર. સંઘના સ્થાપક સભ્ય હતા. સંઘમાં એમણે કારોબારી સભ્ય તરીકે પણ સવા બજાવેલી. શ્રી બાપુભાઈ, મુંબઈની ન્યૂ ભરડા હાઈસ્કૂલમાં નોકરી કરતા કરતા સ્ટૉર પણ ચલાવતા અને ટૂર પણ ઓરગેનાઈઝ કરતા. એમને ક્રિકેટમાં ખૂબ જ રસ હતો. મુંબઈની રણજીત ક્રિકેટ કલબમાંથી શ્રી બાપુભાઈ ક્રિકેટ પણ રમતા.

સંઘ સુવર્ણ જયંતી નિમિત્તે એમને શ્રદ્ધાંજલિ આપે છે.

## સ્વ. શ્રી જીવણલાલ એમ. ચુનાવાલા



સ્વ. શ્રી જીવણલાલ એમ. ચુનાવાલા ગામ કાછિયાવાડી, તા. નવસારીના વતની હતા. એમણે મેટ્રિક સુધી અભ્યાસ કરી બોમ્બે ટેલિફોન માં નોકરી સ્વીકારી હતી.

શ્રી મા. શિ. પ્ર. સંઘના સ્થાપક સભ્ય શ્રી ચુનાવાલાએ સંઘના માનદ્ મંત્રી તરીકે પણ શરૂઆતના વર્ષોમાં સેવા આપી હતી. સમાજના શૈક્ષણિક વિકાસમાં એમને ઊંડો રસ હતો.

## સ્વ. કુંવરજી ભગવાનજી મહેતા



ગામ પંચરાઈ, તા. વલસાડના વતની સ્વ. કુંવરજીભાઈનો જન્મ તા. ૭-૬-૧૯૧૮ ના દિન થયો હતો. પ્રાથમિક શિક્ષણ વતનમાં મેળવ્યા પછી ધંધાર્થે તેઓ મુંબઈ આવ્યા હતા. મુંબઈ મહાનગરપાલિકામાં પ્રાથમિક શિક્ષક તરીકે જોડાયા પછી એઓ બીટ નિરિક્ષકના પદ સુધી પહોચ્યા હતા. દીર્ઘ સેવા આપ્યા પછી નિવૃત્ત થઈ તેઓ વતનમાં સ્થાયી થયા હતા. એમનું તા. ૬-૧-૧૯૯૩ ના રોજ અવસાન થયું.

સંઘના સ્થાપક સભ્ય શ્રી કુંવરજીભાઈએ સંસ્થાના પ્રારંભિક વર્ષોમાં ખૂબ મહેનત કરી સંસ્થાને પગભર બનાવવામાં સિંહફાળો આપ્યો હતો. એમણે સંઘમાં માનદ્મંત્રી અને ઉપપ્રમુખના સ્થાન ભોગવ્યા હતાં. સંસ્થા એમની કાયમને માટે ઋણી રહેશે.

## સ્વ. કાંતિલાલ આર. આબદાર



એમણે સમાજ સેવાનું કાર્ય છેક ૧૯૪૩ થી શરૂ કર્યું હતું. એઓ શ્રી મા. શિ. પ્ર. સંઘના સ્થાપક સભ્ય અને મંત્રી હતા. સંઘમાં એમણે કોષાધ્યક્ષ, ઉપપ્રમુખ અને પ્રમુખ તરીકેના હોદ્દા સંભાળ્યા હતા. સંઘના પ્રારંભિક વર્ષોથી માંડીને છેક છાત્રાલયનું મકાન બંધાતું હતું ત્યાં સુધી એમણે અવિરત સેવા આપી હતી.

સમાજસેવાનો એમનો વ્યાપ ઘણોજ વિસ્તૃત હતો. શ્રી સમસ્ત માહ્યાવંશી સેવા સમાજના તેઓ પ્રમુખ હતા અને જે વિસ્તારમાં એઓ રહેતા હતા ત્યાંની સામાજિક પ્રવૃત્તિઓમાં એમણે યોગદાન આપ્યું હતું.

એઓ શ્રી હોમી જે. એચ. તાલ્યારખાનના અધ્યક્ષપણા હેઠળની વાલકેશ્વર-મહાલક્ષ્મી સમાજ કલ્યાણ સમિતિના મંત્રી અને પેડર રોડ વિસ્તારની સમિતિના અધ્યક્ષ હતા. શ્રી બી. એ. દેસાઈ આમદારના અધ્યક્ષપણા હેઠળની મલબારહીલ રેલ રાહત સમિતિના પણ તેઓ મંત્રી હતા.

એમણે બિહાર રાહત ભંડોળ, સુરત પૂર રાહત ભંડોળ, કોયના ભૂકંપ સહાય ભંડોળ, કોંકણ વંટોળ રાહત ભંડોળ વગેરે માટે કામ કર્યું હતું. ભારત-પાકિસ્તાન યુધ્ધ વખતે એમણે રક્તદાન કર્યું હતું અને રક્તદાન માટે ઝુંબેશ ચલાવી હતી. ઉપરાંત ડી-વોર્ડ મેડીકલ એસોસીએશનમાં પણ એમણે કામ કર્યું હતું.

એઓ નવયુગ ક્રિકેટ કલબના પ્રમુખ હતા અને માહ્યાવંશી રાજપૂત મંદિરના ટ્રસ્ટી પણ હતા. BEST માં ૩૬ વર્ષની પ્રદીર્ઘ સેવા આપી એઓ નિવૃત્ત થયા હતા ને સમાજ સેવા ચાલુ હતી ત્યાંજ હૃદયવિકારને કારણે એમનું ઈ. સ. ૧૯૮૯ ના એપ્રિલ મહિનામાં અવસાન થયું હતું.

સંઘ સુવર્ણ જયંતી નિમિત્તે એમની સેવાઓની કદર કરે છે અને શ્રદ્ધાંજલિ આપે છે.